અગત્યનું.
તાત્કાલીક.

ક્રમાંક/એમવીએ/ફીટનેશ/રીન્યુ/ ૨૭૮૯
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૬
બીજે માળ, ગાંધીનગર.
તા. ૧૮-૩-૨૦૧૪. 18 MAR 2014.

પ્ર તિ,
તમામ સહાયક/ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીને જાણ સારુ.
તમામ સહાયક /પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,

વિષય:-રીજીયનમાં નોંધાયેલ/તબદીલ થયેલ ન હોય તેવા ટ્રાન્સપોર્ટ વાહનનું ફીટનેશ રીન્યુ ન કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, હાલમાં વાહન વ્યવહાર વિભાગની જુદી જુદી કચેરીઓમાં ટ્રાન્સપોર્ટ વાહનોનાં ફીટનેશ રીન્યુ કરાવવા માટે વાહન માલીકો ફીટનેશ રીન્યુની ફી ભરપાઇ કરીને મુળ નોંધણી અધિકારીની કચેરીમાં અથવા કેમ્પ સેન્ટરમાં વાહનનું ઇન્સ્પેકશન કરી ફીટનેશ પ્રમાણપત્ર રીન્યુ કરાવતાં હોય છે. અથવા વાહન જે રજીસ્ટ્રીંગ ઓથોરીટીમાં નોંધાયેલ હોય તે રજીસ્ટ્રીંગ ઓથોરીટીમાંથી વાહન પર કોઇ ડીએ કેસ બાકી નથી તેવું પ્રમાણપત્ર મેળવી, વાહન અન્ય રજીસ્ટ્રીંગ ઓથોરીટીની કચેરીમાં અથવા કેમ્પ સેન્ટર પર વાહનની તપાસણી કરીને વાહન ફીટનેશ પ્રમાણપત્ર રીન્યુ કરાવતા હોય છે. અને પરિણામે મુળ રજીસ્ટ્રીંગ ઓથોરીટી પાસે વાહનનો રેકર્ડ અધુરો રહે છે. તથા અન્ય ગેરરીતીઓ થવાની પણ શકયતા પણ રહેલી છે. તેમજ અકસ્માતનાં કીસ્સામાં આ બાબતની નોંધ મુળ રજીસ્ટ્રીંગ ઓથોરીટી પાસે હોતી નથી.

ઉકત બાબત ધ્યાને લઇ રાજયની તમામ પ્રાદેશિક/ સહાયક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ તથા તમામ મોટર વાહન નિરીક્ષકશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે, જે વાહન તેના મુળ રીજીયનમાં નોંધાયેલ હોય તથા તે રીજીયનમાં ટ્રાન્સફર થયેલ હોય તો તેવા જ વાહનોનાં ફીટનેશ પ્રમાણપત્ર રીન્યુ કરવા તથા અન્ય રીજીયનનાં નોંધાયેલ વાહનોનાં ફીટનેશ પ્રમાણપત્ર રીન્યુ કરવા નહીં. ઉકત સૂચનાનો ચુસ્તપણે તાત્કાલીક અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

સંયુકત વાહન વ્યવહાર નિયામક
ગુજરાત રાજય,ગાંધીનગર.

પુરબિયા:૪૮:૧૦૪:

Akhil Gujarat Truck Transport Association
dt. 08-04-2014